## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગુરૂજી, અધિક શ્રાવણ માસમાં અધિક જુગાર રમવો પડે કે.. કાયમ રમીએ છીએ એ ચાલે ...!!




ગાંધીનગર શહેરમાં દિશાસૂચક બોર્ડ નવા આગંતુક મુલાકાતીઓ માટે ખુબ માર્ગદર્શક બની રહે છે. જો કે આ બોર્ડનુ મેન્ટેનન્સ યોગ્ય રીતે થતુ ન હોવાથી ઘણી જગ્યાએ આ બોર્ડ તુટી ગયા છે અને તેના રંગ ઉખડીને ઝાંખા પડી ગયા છે. સેક્ટર-૨૪માં ટેલીફોન કોલોનીની બાજુમાં લગાવવામાં આવેલ દિશાસૂચક બોર્ડને અસામાજિક તત્વોએ તોડી નાંખ્યુ છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપા દ્વારા મિલ્કતવેરાના બાકીદારોને ૧૫મી ઓગષ્ટ પછી નોટીસો પાઠવશે.

● ગાંધીનગર શહેરમાં પેયજળનો પુરવઠો પુરા ફોર્સથી નહિ મળતો હોવાની ફરિયાદો કેટલાક સેક્ટરોમાં ઉઠી છે.

● માર્ગોને કામચલાઉ દુરસ્તી કરવાની કામગીરીમાં નંખાઈ રહેલ વેસ્ટ મીક્સમાં કપચીના મોટા ટુકડા વાહનચાલકો માટે પરેશાનીનો મુદ્દો બન્યા છે.

● આજે ગાંધીનગરમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.

● એમ.પી.એમ.એલ.એ. માટે અલાયદો સેલ ઉભો કરવાની વાતોએ પાટનગરમાં રાજકીય ચર્ચાઓ ઉભી કરી છે.

● લિહોડાની શાળામાં વિદ્યાર્થી પરિષદની ચૂંટણી કરાઈ.

● જીવનાધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટ દ્વારા નંદનવન નિવાસી પ્રા. શાળા સે. ૧૩ ખાતે બાળકોને નાસ્તા અને કપડાનું વિતરણ કરવામાં આવ્યુ.

● કુડાસણ પ્રા. શાળામાં કલા ઉત્સવની ઉજવણી કરાઈ.

● સુબ્રતો કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ૧૨ ટીમોએ ભાગ લીધો હતો.

● આદરજ ગામના બોચરજીના પરામાં આવેલ ફાર્મહાઉસ પરના એલસીબીના દરોડામાં ૮ શકુનિઓ ઝડપાયા.

● કલોલના છત્રાલ ગામના વેપારીને દસ્તાવેજના બદલામાં પૈસાની માંગ કરી શખ્સોએ ધમકી આપી.

● ચિલોડા જતા રોડ પર અજાણ્યા કારચાલકે એક્ટીવાને ટક્કર મારતાં કિશોરીનું મોત

● દહેગામ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની ઉત્તર ગુજરાત પ્રાંતની બેઠક યોજાઈ.

● ગાંધીનગર મનપામાં મિલ્કતવેરામાં વળતર યોજનાની મુદત પૂર્ણ થતાં મનપાની આવકમાં ઘટાડો થયો : છેલ્લા સપ્તાહથી સરેરાશ ૧૦ લાખની આવક થઈ રહી છે.

● ગાંધીનગર શહેરમાં વીજમાંગમાં વધારો થયો છે. અસહ્ય ઉકળાટ અને ગરમીને લઈ વીજ ઉપકરણોનો વપરાશ પણ વધ્યો.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયા-ડેન્ગ્યુના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગરમાં આંતર જિલ્લા શિક્ષકોની બદલીના કેમ્પને લઈ શિક્ષણતંત્ર તેમાં વધુ વ્યસ્ત બન્યુ.

# મહાદેવપુરા પાસે કારની ટક્કરે એકટીવા ચાલક યુવતિનું મૃત્યું




ગાંધીનગર, તા.૧૭

હિંમતનગર થી ચિલોડા તરફના માર્ગ પર મહાદેવપુરા પાટીયા પાસે આઈ-૨૦ કારના ચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારતા એકટીવા ચાલક યુવતિ નીચે પટકાઈ હતી. આ અકસ્માતમાં યુવતિને હાથે પગે, શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડાઈ હતી.જયાં આશાસ્પદ યુવતિનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે કાર ચાલક સામે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ ધણપ ગામમાં નિમેષભાઈ ચૌધરી પરિવાર સાથે રહી ખેતીકામ કરી ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં એક દિકરી માહી (ઉં.૧૭)અને એક દિકરો વિશ્વાસ (ઉં.૧૪) છે. જયારે એકટીવા નં. જી.જે.૦૧.યુ.ઝેડ.-૭૧૬૬ નો ઉપયોગ પોતાના અંગત કામ માટે કરતા હતા. જયારે ગતરોજ સવારના સાડા અગીયાર વાગે માહી એકટીવા લઈ છાલા ગામે સામાજીક પ્રસંગે ગઈ હતી. ત્યારબાદ બપોરના આશરે ત્રણ વાગ્યાના અરસામાં નિમેષભાઈ ઘરે હાજર હતા .તે સમયે વાત વાતમાંથી તેઓને જાણવા મળ્યું કે તેમની દિકરી માહી છાલા ગામથી સામાજીક પ્રસંગ પુરો કરી મહાદેવપુરા ગામના પાટીયા પાસે આવેલા પેટ્રોલ પંપથી એકટીવામાં પેટ્રોલ પુરાવી ધણપ ઘર તરફ આવી રહી હતી. તે સમયે આશરે પોણા ત્રણ વાગ્યાના સુમારે હિંમતનગર થી ચિલોડા તરફ જતા રોડ ઉપર મહાદેવપુરા ગામના પાટીયા પાસે એક કાર ચલાકે એકટીવાને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં માહી માર્ગ પર પટકાતા શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારે માર્ગ પરથી પસાર થતા અન્ય કાર ચાલક દિકરીને ગાડીમાં બેસાડી છાલા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયા હતા. છાલા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાઈ હતી. જેથી નિમેષભાઈ તેમજ પરિવારના સભ્યો તાત્કાલીક ગાંધીનગર સિવિલ પહોંચ્યા હતા. તેઓએ ગાંધીનગર સિવિલ ખાતે પહોંચીને જોયુ તો ડોકટરે તેઓની દિકરીને તપાસી મરણ જાહેર કરી હતી. તેઓને તે સમયે વાતોથી જાણવા મળ્યુ કે તેમની દિકરીને અકસ્માત કરનાર આઈ-૨૦ કાર હતી. જેનો નં. જી.જે. ૩૧.ડી. -૯૫૯૦ છે. હાલ બનાવની જગ્યા પર ગાડી પડી છે. આશાસ્પદ દિકરીના મૃત્યુના સમાચાર સાંભળી પરિવાર પર આભ ફાટી પડ્યું હતું.જયારે ગામમાં પણ શોકનુ મોજુ ફરી વળ્યુ હતું. ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલમાં પુંઠા વેચાણમાં ભ્રષ્ટ્રાચાર થયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર હોસ્પિટલ કેમ્પસમાં છેલ્લા કેટલાક સમયથી પુંઠાના વેચાણમાં ભ્રષ્ટ્રાચાર થયો હોવાની ચર્ચાએ જોર પકડયું છે. પુંઠાના વજનમાં ગરબડી કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સિવિલ તંત્ર પણ ક્યાંક છાના ખુણે કટકી કરી હોવાનું આડકતરી રીતે માની આંખ આડા કાન કરતા હોય છે. ત્યારે હાલ ઓપીડીના ભોંયરામાં રહેલો ભંગાર વેચવાની કામગીરી ચાલી રહી છે.ત્યારે આ પ્રકારની ફરીયાદો વેચાણ બાદ ન આવે તે માટે તંત્રએ સિવિલના બે કર્મચારીઓને સાથે રાખવાની સુચના આપી હોવાનું ધ્યાને આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાં પુંઠાના પેકીંગમાં ઘણી બધી ચીજવસ્તુઓ આવતી હોય છે. મોટીસંખ્યામાં પુંઠા એકઠા થતા તેને વેચી દેવામાં આવે છે. ત્યારે કેટલાક કર્મચારી પુંઠાનું વજન ઓછુ દર્શાવી બારોબાર રોકડી કરી લેતા હોય છે. ત્યારે સિવિલ કેમ્પસમાં પુંઠામાં પણ હજ્જારો રૂપીયાની કટકી થઈ હોવાની ચર્ચા ચાલી રહી છે. ત્યારે હાલ ઓપીડી બિલ્ડીંગના ભોંયરામાં પડેલ ભંગાર વેચવાની કામગીરી ચાલી રહી છે. પાંચ ટ્રક જેટલો ભંગાર કાઢવામાં આવ્યો છે. જેમાં હોસ્પિટલમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ચીજવસ્તુઓ હતી. ત્યારે આ ભંગારના વેચાણમાં ભ્રષ્ટ્રાચારના છાંટા ઉડે નહી તે માટે સિવિલ તંત્ર પહેલા થી સજ્જ થઈ ગયુ લાગે છે. ભંગારના વેચાણ અને વજન સમયે સિવિલના બે કર્મચારીઓને હાજર રાખવાના સિવિલ સત્તાધિસો દ્વારા જણાવાયું હતું. પરંતુ હાલ સિવિલમાં પુંઠા વેચાણનો મુદ્દો જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે.

# સરગાસણ ખાતે ગુજરાત રાજપૂત એકતા કેન્દ્રનું ઉદ્‌ઘાટન



ગાંધીનગર,તા.૧૭

ગુજરાત રાજયની રાજપૂત સમાજ સંસ્થાની સંકલન સમિતિ દ્વારા આજરોજ સરગાસણ સ્થિત પ્રમુખ ટ્રાન્જેન્ટમાં ગુજરાત રાજપૂત એકતા કેન્દ્રનું ઉદઘાટન ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિના સભ્યો અને મહાનુભાવો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં જણાવ્યું હતું કે રાજયના રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ છેલ્લા એક દાયકાથી કાર્યરત છે. સંકલન સમિતિના સ્થાપક મહારાઉલજી વિક્રમસિંહનો હેતુ સમગ્ર રાજયના રાજપૂત સમાજના ભાઈઓને એક તાંતણે બાંધવાનો છે. જે આજે ચરિતાર્થ થઈ રહ્યો છે. આજે જણાવતા આનંદ થાય છે કે સમગ્ર ગુજરાતની રાજપૂત સંસ્થાઓ એક નેજા હેઠળ સંકલન સમિતિ સાથે જોડાઈને વિવિધ કાર્યક્રમો રાજપૂતોને સંબંધિત પ્રશ્નો જેવા કે બધા જ દેશી રજવાડાઓનું મ્યુઝીયમ, વિધવા પેન્શનનો વધારો, વિગેરેનો સમાવેશ થાય છે. આજે ગાંધીનગર ખાતે મધ્યસ્થ કાર્યાલય ની સ્થાપના થતા આ કાર્યને વેગ મળશે. સમાજના આર્થિક, સામાજીક, અને રાજકીય પ્રશ્નો સંકલન સમિતિ દ્વારા સરળતાથી ચર્ચા વિચારણા દ્વારા ઉકેલી શકાશે.

# મુંબઈ ગણોત વહીવટ અને ખેતની જમીન નિયમો ૧૯૫૬ અનુસાર દહેગામના બારીયાની જમીન અંગે

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૩૨ પીની પેટા કલમ (૨) ખંડ-સીના નિયમો અુનસાર કલેક્ટર દ્વારા દહેગામના બારીયાની જમીનનો નિકાલ કરવા માટેની જાહેર નોટિસમાં અધિનિયમની કલમ-૩૨ પીની પેટા કલમ (૫) મુજબ આ જમીનોની કિંમત જિલ્લા કલેકટર દ્વારા નક્કી કરવામાં આવી છે, વ્યક્તિઓને અને મંડળોને જે ગામમાં સબંધ ધરાવતી જમીન આવી હોઈ તે ગામમાંથી અથવા તેવા ગામની નજીકના કોઈ ગામમાંથી જેનો ગણોત વહીવટ સમાપ્ત કરેલ હોઈ અને જે જમીન ખરીદવા ખુશી હોઈ તે ગણોતીયાને, (૧/એ) જે સહકારી કૃષિ મંડળીઓના સભ્યો, ખેત મજુરો, ભૂમિહીન વ્યક્તિઓ અથવા નાના જમીન ધારણ કરનાર અથવા એ બધામાંથી એકત્ર થયેલી વ્યક્તિઓનો સમુહ હોય તે સહકારી કૃષિમંડળીઓને, ખેત મજુરોને, ભૂમિહીન વ્યક્તિઓને, નાના જમીન ધારણ કરનારાઓને, જે ખેડુતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ (નાના જમીન ધારણ કરનારાઓ સિવાયના) અને કારીગરો હોઈ તે ખેડુતોને સહકારી કૃષિ મંડળીઓને, જે ખેડુતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડુતોને, બીજી સહકારી કૃષિ મંડળીઓને, જે ખેડુતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અશતઃ માલિક અને અશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ક્ષેત્રફળમાં વધારે મોટી હોઈ પણ ટોચમર્યાદા વિસ્તાર કરતા ઓછી જમીન ધારણકર્તા હોય તે ખેડુતોને અને ખેડુતો સિવાયની ખેતીનો ધંધો કરવા માંગતી હોય તે વ્યક્તિોને કલેકટરશ્રીએ નક્કી કરેલ કિંમતે ખરીદવા માટે તૈયાર હોય તેમણે કલેકટરને લેખિતમાં જણાવવાનું રહેશે.

# સમસ્ત બ્રહ્મ સમાજ, પાલજ શાખા દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર અને સ્નેહમિલન કાર્યક્રમ




ગાંધીનગર,તા.૧૭

સમસ્ત બ્રહ્મ સમાજ, સેકટર ૧૬ અંતર્ગત પાલજ શાખા દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર અને સ્નેહમિલન કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમમા સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીન ગરના પ્રમુખ નરેશભાઈ દવે, ઉપપ્રમુખ ગૌરાંગભાઈ વ્યાસ, ભાવેશભાઈ વ્યાસ, ભૂતપૂર્વ પ્રમુખ કનૈયાલાલ પંડ્યા, સંદિપભાઈ ભટ્ટ, વિમળાબેન અયાચી, ધનશ્યામભાઈ ત્રિવેદી તથા અલ્પેશભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામા પાલજના પ્રમુખ સુરેશભાઈ, મહામંત્રી કિર્તિભાઈ, પિન્ટુભાઈ, જિમેશભાઈ, ચિરાગભાઈ ઠાકર, વિક્રમભાઈ, કૌશિકભાઈ, અશોકભાઈ, મેહુલભાઈ શાસ્ત્રી તથા તમામ કારોબારી સભ્યશ્રીઓએ જહેમત ઉઠાવી પોતાનુ યોગદાન આપ્યું હતું.

કાર્યક્રમનુ સુંદર સંચાલન નિતિન ભાઈ ઠાકરે કર્યુ હતુ.




સોમવતી અમાસ નિમિત્તે મંડળ દ્વારા ઉવારસદ ખાતે ગરીબ કુટુંબો ને જીવન જરૂરી ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# મોટી આદરજ ગામ પાસે ફાર્મ હાઉસમાંથી જુગારધામ ઝડપાયું

ગાંધીનગર તા.૧૭

ગાંધીનગરના મોટી આદરજ ગામના બેચરજીના પરા વિસ્તારમાં આવેલા ફાર્મ હાઉસમાં ધમધમતા જુગારધામ પર એલસીબી-૨ પોલીસ ત્રાટકીને જુગારની બાજી માંડીને બેઠેલા ૯ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓના હોંશ ઉડી ગયા હતા. જયારે પોલીસે જુગારધામ પરથી રૂ.૧.૨૨ લાખ રોકડા, જુગારીઓ પાસેથી ૮ મોબાઈલ ફોન કિં.૩.૬૦ લાખ તેમજ પાંચ વાહનો મળી કુલ રૂ.૧.૧૯ કરોડ થી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ફાર્મહાઉસમાં ચાલી રહેલા જુગાર ધામની સ્થાનિક પોલીસને ખબર સુધ્ધા ન પડી તે વાત પણ નવાઈ પમાડે છે. મળતી વિગત મુજબ ગાંધીનગર એલીસીબી-૨ પોલીસને બાતમી મળી હતી કે મોટી આદરજ ગામના બેચરાજીના પરા વિસ્તારમાં આવેલા ફાર્મ હાઉસના માલિક અલ્કેશ શંભુભાઈ પટેલ બહારથી જુગારીઓ બોલાવી જુગાર ધામ ચલાવે છે. જેથી પોલીસે બે ટીમ બનાવી ફાર્મ હાઉસ પર ત્રાટકી હતી. જયાં અંદર પ્રવેશ કરતા બે માળનું મકાન બનાવ્યું હતું. જયારે ફાર્મની અંદર પાંચ વાહનો પાર્ક કરેલા હતા. પોલીસે ઘરમાં તપાસ કરતા મોટા રૂમમાં બેડરૂમમાં તેમજ ખુરશીઓ પર બેસી જુગારની બાજી માડીને બેઠેલા જુગારીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસની પુછપરછમાં જુગારીઓએ તેમના નામ અલ્કેશ શંભુ પટેલ ( ઉં.૫૦, રહે. મકાન નં.૨૭ નિલદીપ રો હાઉસ મેમનગર અમદાવાદ), જીગ્નેશ મહેશ પટેલ (રહે. શિલિકોન સ્કવેર સાયન્સ સીટી સોલા અમદાવાદ), પ્રકાશ જયંતિ પટેલ (રહે ઓરમ સ્કાય ઓપોટ એમ્પોરીયમ હબ આઈ-૬૦૨ સાયન્સસીટી સોલા), દિપક રણછોડભાઈ પટેલ (રહે મકાન નં.૪૦ શ્રીજી પાર્ક સોસાયટી ઓગણજ), બીજલ ગીરીશચંદ્ર બ્રહ્મભટ્ટ (રહે મકાન નં.૨૪૬ વૃંદાવન વિલા સાયન્સ સીટી સોલા), અજય રમેશભાઈ ખરાડી (રહે મકાન નં.૪૦૩ આશ્રય એરાઈજ એસપી રીંગરોડ શીલજ ), કૌશીક નરોત્તમભાઈ પટેલ (રહે ૧૩૯-૧૬૬૪ કર્ણાવતી એપાર્મેન્ટ સોલા રોડ નારણપુરા), આકાશ ઓમપ્રકાશ શીવનાની (રહે. ૨૬ વૃંદાવન વિલા સાયન્સ સીટી સોલા તેમજ દિનેશજી ભોપાજી ઠાકોર (રહે.ઉગતી ફાર્મ ઉવારસદ મુળ રહે અંબાલા ગામ તા.બેચરાજી) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧,૧૨,૨૧૦ તેમજ દાવ પરથી રૂ.૧૦,૧૮૦, આઠ મોબાઈલ કિં.૩.૬૦ લાખ તેમજ પાંચ મોંઘીદાટ ગાડી કિં.૧.૧૫ કરોડ મળી કુલ રૂ. ૧.૧૯ કરોડ થી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એલસીબી-૨ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**એલસીબી-૨ પોલીસે રૂ.૧.૧૯ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો**

# અનુ- જાતિ યુવક-યુવતિઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર

ગાંધીનગર,તા.૧૭

રાજયમાં વસતા અનુસૂચિત જાતિના યુવક-યુવતિઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે તાલુકાકક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. તદ્અનુસાર રાજયમાં વસતા અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક-યુવતિઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર દ્વારા તાલુકાકક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં પ્રત્યેક જિલ્લાના તાલુકા અને ઝોનકક્ષાએ યુવક-યુવતિઓ માટે નિયત કરેલ સ્થળે યુવક-યુવતિઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર દરમિયાન શિબિરાર્થીઓના વ્યક્તિગત વિકાસ માટે યુવક મંડળની સ્થાપના, રચનાની કાર્ય પધ્ધતિ, પંચાયતી માળખાનો ખ્યાલ, નેતૃત્વ અંગેના ગુણોની ચર્ચા, સામાજીક દુષણો સામે વિરોધ, રાષ્ટ્રીય એકતા તેમજ યુવક-યુવતિઓની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળવા અંગે તજજ્ઞો દ્વારા વિવિધ સમજ તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. જયારે શિબિરાર્થીઓના શારીરિક-માનસિક તેમજ આધ્યાત્મક વિકાસ માટે યોગ શિક્ષકો દ્વારા વિવિધ પ્રકારના આસનોના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા સમજ આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છિત માત્ર ગાંધીનગર જિલ્લાના અનુસૂચિત જાતિના યુવક-યુવતિઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા યુવા વિકાસ અધિકારી, સી-વીંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક સાધવાનો રહેશે. અને તા. ૨૫/૦૭/૨૦૨૩ સુધીમાં અરજી કરવાની રહેશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી તેજલબેન ચૌહાણે જણાવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંતની બેઠક દહેગામ ખાતે યોજાઈ ગઈ



ગાંધીનગર,તા.૧૭

દહેગામમાં આવેલી અમીન સમાજ સાંસ્કૃતિક હોલ વારાહી માતા ના મંદિર સામે રવિવારે સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંતની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ડોક્ટર પ્રવીણ તોગડીયા એ ખાસ ઉપસ્થિત રહીને હાજરી આપી હતી તેમજ દેહગામના ભીખાજી ઠાકોર ના ઘરે પણ ડોક્ટર પ્રવીણ તોગડીયાએ મુલાકાત લીધી હતી. ભીખાજી ઠાકોરના પરિવાર દ્વારા તલવાર ભેટ કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભોજન ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં મહાદેવ રબારી (સંયુક્ત મહામંત્રી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંત) તથા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના હોદ્દેદારો તથા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા